

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

સરકાર ચૂંટણીના ચોકમાં જ ચણ નાખે છે,
બીજાને કણ ને મત મેદાનમાં મણ નાખે છે,
ખણ ઉપડે છે વિકાસની મતદારની પીઠે -
ને કોઈ દી' ન જાય નેતાઓ ત્યાં ધણ ઉપડે છે.

### હાઈકુ

બાંધ્યા ડાબલા
વિકાસના ઘોડાને
ચૂંટણીલક્ષી

હરખાવ ના
વરસે હવે માત્ર
ચોપાંઓ માટે...

### ચિંતન

શતહસ્ત સમાહર સહસ્ર હસ્ત સં કિર ।
કૃતસ્ય કાર્યસ્ય ચેહ સ્ફાતિં સમાવહ ॥

ઉપરોક્ત શ્લોક અથર્વવેદમાંથી લેવામાં આવેલ છે.

હે મનુષ્યો !! તમે તમારા ઉચ્ચ વ્યવસાય તથા બીજાઓની સલાહ દ્વારા સેંકડો હાથથી ફૂબ જ ધન કમાઓ અને હજારો હાથ દ્વારા તે ધનને ઉત્તમ કાર્યો માટે વાપરતા રહો. તેનાથી હંમેશા તમારી પ્રગતિ થશે.

મનુષ્ય કમાવા માટે માત્ર પોતાના જ બે હાથનો ઉપયોગ ન કરે, પરંતુ સમાજના અન્ય વર્ગોના પણ સહયોગ લઈને સેંકડો હાથ દ્વારા કમાય. તેણે પોતાની બધી જ પ્રતિભા, ક્ષમતા તથા પુરુષાર્થનો વધારેમાં વધારે ધન કમાવામાં ઉપયોગ કરવો જોઈએ.

ધન, જ્ઞાન, શક્તિ, આનંદ, જે પણ સક્ય હોય તે બીજાઓને પણ વહેંચતા રહો. માનવીની પાસે આપવા જેવું કેટલું બધું છે ! તેની પાસે પ્રેમનો અગાધ સાગર છે. હાસ્યના પુષ્પો છે. એ બધું પણ વહેંચો. પોતે પ્રસન્ન થાઓ અને બીજાઓને પણ પ્રસન્ન કરતા જાઓ.

### સુવિચાર

- સારે જગત કો દેને વાલે મૈં, ક્યા તુઝકો ભેંટ ચઢાઉં,
  જિસકે નામ સે આએ ખૂશ્બુ, મૈં ક્યાં ઉસકો ફૂલ ચઢાઉં... - **વિપુલ નામદેવ**
- જિંદગીમાં કંઈક બનવું છે એવા સપના ના જુઓ....
  પણ મારે કંઈક કરી બતાવવું છે એવા સપના જુઓ - **એસ. ભટ્ટાચાર્ય**
- છેતરીને 'સંત' બનવું તેના કરતાં... 'છેતરાઈને માણસ' બનવું અઘરું છે - **જીવન પાથેય**
- પરોપકારી પ્રવૃત્તિના કયારેયે પેક-અપ નથી હોતા, જીવી લો મન ભરીને,
  વીતેલા સમયના કોઈ બેક-અપ નથી હોતા - **રાજેષ સૂરતી**
- ધર્મ એટલે ધ્યેય પ્રાપ્ત કરવાની સાધના - **દાદા ભગવાન**
- જે જ્ઞાન વર્તનમાં ના આવે તે જ્ઞાન જ નથી, અજ્ઞાન છે. જ્ઞાન હંમેશા વર્તનમાં આવે જ - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : નાગરવેલના બે નંગ પાન પીસી તેના રસમાં પાતળું દૂળ પચાસ મિ.લિ. ઉમેરીને પીવાથી છૂટથી પેશાબ થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ફ્રાન્સના મશહૂર ગાયિકા મૈલિથાન પાસે એક ગરીબ બાળક આવ્યો. મૈલિથાને પૂછ્યું, 'બોલ બેટા, તારે શું જોઈએ છે?' બાળક બોલ્યો, 'મેડમ, મારું નામ પિયરે છે. તમે મારી મદદ કરશો ?' મારા માતા ખૂબ બીમાર છે. મારી પાસે સારવાર કરવાના પૈસા નથી. મારા પિતા હયાત નથી. 'મૈલિથાને કહ્યું, ' 'બોલ, તારે સારવાર કરાવવા માટે કેટલા પૈસા જોઈએ છે?' પિયરે ખુમારીથી કહ્યું, 'ક્ષમા કરો મેડમ, હું તમારી પાસે મફતમાં મદદ નથી લેવા માંગતો. હું તમને એવી વિનંતી કરવા આવ્યો છું કે મેં એક કવિતા લખી છે. તમારા આવતા રવિવારના મ્યુઝિકના કોન્સર્ટમાં મને આ કવિતા રજૂ કરવાનો ચાન્સ આપો. તમને યોગ્ય લાગે તો મને કંઈક મહેનતાણું આપજો.' નાના બાળકની ખુદ્દારી અને આત્મવિશ્વાસ જોઈ મૈલિથાને પોતાના કોન્સર્ટની અધવચ્ચે પિયરેને કવિતા રજૂ કરવા અવસર આપ્યો. પિયરેની કવિતા ત્યાં ઉપસ્થિત સૌ દર્શકોને સ્પર્શી ગઈ. બધાની આંખો ભિંજાઈ ગઈ. કાર્યક્રમ એટલો સફળ થયો કે મૈલિથાનની વિનંતી પર ઓડિયન્સમાંથી નાણાનો વરસાદ થવા લાગ્યો. મૈલિથાને દરિયા દિલી દેખાડી બધા જ પૈસા ભેગા કરી પિયરેને આપ્યા. પિયરેએ મૈલિથાનનો આભાર માન્યો. ઘણીવાર ચીંતરેહાલ વીંટ્યા રતન પણ ઘણાં પ્રકાશમાન થઈ જતા હોય છે.

# 'ગોડસે ઝિંદાબાદ' : સમયની બલિહારી !

ગાંધીજયતીના દિવસે જ એમના હત્યારા ગોડસેની જય બોલાવનારા નાગરિકોનો આ દેશમાં તોટો નથી. વરુણ ગાંધી જેવા વખારે નંખાઈ ગયેલા સાંસદ એ મુદ્દે આક્રોશ વ્યક્ત કરે એથી એ માનસિકતા બદલાઈ જવાની નથી. ભવિષ્યમાં કદાચ ગાંધીજીનું રાષ્ટ્રપિતા પદ પણ છીનવાઈ જાય અને રુપિયાની નોટ પરથી એમની છબી ભૂંસાઈ જાય તો પણ નવાઈ ન લાગવી જોઈએ. લોકશાહીમાં બધું જ શક્ય છે! લોકશાહીમાં વિચાર વ્યકત કરવાની સ્વતંત્રતા છે. મુફતીના રાજમાં કાશ્મીરમાં પાકિસ્તાનના ઝંડા ફરકાવનારા હતા. હજી પણ જો પોલીસ અને લશ્કરની ધાક ન હોય તો કાશ્મીરમાં પાકિસ્તાન ઝિંદાબાદનાં સૂત્રો સાથે રોજના હિસાબે રેલીઓ નીકળી શકે છે. ગાંધીજી સો ટચનું સોનું હતા એમ કહેનારા પણ અર્ધસત્ય બોલે છે અને એમની હત્યાનો નિર્ણય વાજબી તેમજ દેશભક્તિથી પ્રેરિત હતો એમ માનનારાઓ પણ એમના અંતરાત્માનો જ દ્રોહ કરે છે. અંતરાત્માનો દ્રોહ એ દેશદ્રોહથી મોટો ગુનો ગણાવો જોઈએ પણ એની સજા કોઈ અદાલત નહીં આપી શકે. એ તો જયારે માંહ્યલો જાગશે ત્યારે જ અંદરથી પશ્ચાતાપની સરવાણી ફૂટશે અને પોતે ખોટી માન્યતા ધરાવતા હતા એનો અહેસાસ થશે. ગાંધીજીને દેશે વધુ પડતું માન આપી દીધું હતું. હકીકતમાં ભારતીય પ્રજા વીર પૂજક છે. એટલે એને કોઈ વ્યક્તિ પાછળ ટોળાં વળતાં લાગે ત્યારે એને એ પૂજવા માંડે છે. એ પછી ગાંધી હોય કે મોદી. પંડિત નહેરુ અને ઈંદિરા ગાંધીએ વર્ષો સુધી આવી વ્યક્તિપૂજાનો ગેરફાયદો ઉઠાવેલો છે.

**તંત્રીસ્થાનેથી...**

એથી ભારતની લોકશાહીને નુકસાન જ થયું છે. ગાંધીજીના વખતમાં પણ વીર નાયકો હતા - પરંતુ ઘેઘૂર વડલાની છાયામાં નાના છોડ કાઠું કાઢી શકતા નથી એમ અરવિંદ ઘોષ અને સુભાષચંદ્ર બોઝથી લઈ સરદાર પટેલ કે વિઠ્ઠલભાઈ પટેલ જેવા સ્વાતંત્ર્ય સેનાનીઓ ગૌણ બની ગયા હતા. એટલું જ નહીં, ગાંધીજીના અહિંસાના સિદ્ધાંતથી ચીલો ચાતરનારા તો હાંસિયે જ ધકેલાઈ ગયા હતા. ગાંધીજી પહેલાં પણ કોંગ્રેસ હતી અને ગાંધીજીને તો તૈયાર ભાણા પર બેસી જવાની તક સાંપડી હતી. પણ પોતાના પૂર્વસૂરિઓને પણ ગાંધીજીની સર્વાશ્લેષી આભાએ ઝાંખા પાડી દીધા હતા. કોંગ્રેસ રાષ્ટ્રીય આંદોલનનું એક માત્ર માધ્યમ હોય એમ બાકીની આઝાદી માટેની દેશમાં કે વિદેશમાં ચાલતી નાની મોટી પ્રવૃત્તિની નોંધ જ ન લેવાય એવો માહોલ સરજાયો હતો. એથીય વધુ તો તિલક અને ગોખલે સમયની કોંગ્રેસનું સુકાન જેવું ગાંધીજી હસ્તક આવ્યું એવા 'સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે' એવો હુંકાર કરનારા ભડવીર ટિળકને સાવ જ ભુલાઈ લેવામાં આવ્યા હતા કારણ કે તેઓ ગાંધીજીને થોડાક 'સાંપ્રદાયિક' લાગ્યા હતા. એમની આક્રમકતા ગાંધીજી પચાવી શક્યા નહોતા. એમણે ગોખલેને ગુરુ બનાવ્યા હતા. આ તમામ બાબતો કોંગ્રેસ શાસન દરમિયાન ચર્ચાઈ જ નહીં, તે કાળક્રમે બહાર આવવા લાગી છે અને આઝાદી એકલા ગાંધીજીએ નહોતી અપાવી - એમાં બીજા ઘણા લોકોનો ફાળો હતો, તે મુદ્દો ચર્ચાવા લાગ્યો છે. ગાંધીજીની હત્યા એ ગાંડપણભર્યો નિર્ણય હતો અને એ નિર્ણય પાછળ ગાંધીજીની મુસલમાનો તથા નવા રાષ્ટ્ર તરીકે છૂટા પડેલા પાકિસ્તાન પ્રત્યેની વધુ પડતી તરફદારી કારણભૂત હતી એ પણ પ્રસ્થાપિત થયું છે. પરંતુ ગાંધીહત્યા માટે ખુદ ગાંધી અને એમના બે મુખ્ય ચેલા - પંડિત નહેરુ તથા સરદાર પટેલ પણ એટલા જ દોષિત ગણાવા જોઈએ જેટલા ગોસેને ઉશ્કેરનારા કટ્ટરવાદીઓ. ગાંધીજીને ઈશ્વરમાં વધુ પડતી શ્રદ્ધા હતી. ઈશ્વર કયાંક કમાન્ડો બનીને કે બોડી ગાર્ડ બનીને એમની ચોકી કરવા નવરો નહોતો. ગૃહપ્રધાન સરદાર પટેલે ગાંધીજીની આજ્ઞાથી વડાપ્રધાનપદ જતું કર્યું તે એમની ખેલદિલી હતી અને ગાંધીજી પ્રત્યેની સંપૂર્ણ વફાદારી હતી; પણ એમણે રક્ષણ લેવાની ના પાડી ત્યારે એમના જીવ સામે દેખીતું જોખમ હોવા છતાં જડબેસલાક રક્ષણ પૂરું ન પાડ્યું એ એમની હિમાચલ જેવડી ભૂલ હતી. અલબત્ત, એથી ગોડસેને તક મળી ગઈ અને હવે ગોડસેના પ્રશંસકોને એની સ્તુતિ કરવાની પણ તક મળી રહી છે. સમયની જ બલિહારી - બીજું શું ?

# પેઈડ ન્યૂઝ મતદારોમાં અયોગ્ય પ્રભાવ જન્માવે છે

## ચૂંટણી અને પેઈડ ન્યૂઝ આઈપીસીની કલમ ૧૭૧-એચ મુજબ સજા પાત્ર ગુન્હો છે



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

તાજેતરમાં ચૂંટણીના ચક્રવ્યુહમાં જોવા મળતા સમાચાર માધ્યમોમાં મળતા સમાચારો મતદારોને ચૂંટણીમાં મત આપવા બાબતની જાણકારી આપે છે જે પૂર્વાગ્રહ રહિત મીડિયા હાઉસો દ્વારા છાપી અને પૂર્વગ્રરહિત માહિતીનું નિરૂપણ કરવું એ ચૂંટણીપંચના આદેશાત્મક નિયમોનું પાલન કરવું એ ફરજીયાત છે. સમાચારો શુભ અને શુધ્ધ હેતુલક્ષી જે મંતવ્યોથી તેમજ જાહેરખબરથી સંપૂર્ણ રીતે અલગ હોવા જોઈએ તેમ છતાં દર્શકોને ઉમેદવાર વિશે સાચી માહિતી મળતી નથી. પેઈડ ન્યૂઝ એ વાચકો / દર્શકોની આમ જાણકારી સાથે ચેડા કરી દર્શકોને ભ્રમમાં રાખવા માટે જ દર્શાવવામાં આવે છે, ગુમરાહ કરવામાં આવે છે.

પ્રેસ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાએ પેઈડ ન્યૂઝની વ્યાખ્યા કરેલ છે જે મુજબ રોકડ અથવા વસ્તુના અવેજમાં કોઈપણ માધ્યમમાં પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક બન્નેમાં સમાચાર અથવા પૃથ્વકરણ પ્રદર્શિત કરવું પેઈડ ન્યૂઝ એ અનૈરસ છે જેનાથી ભ્રષ્ટ્રાચાર ફૂલેફાલે છે તથા લોકશાહિના પાયાને આ ચોથી જાગીર મારફત હચમચાવવાનું હિન કૃત્ય છે. પેઈડ ન્યૂઝના દૂષણને ડામી લોકશાહિ જીંવત રાખવા માટે સંસદમાં સર્વપક્ષોએ સંમતી આપેલ છે પરંતુ તેનું પાલન એક પણ રાજકિય પક્ષો કરતા નથી. પ્રેસ કાઉન્સીલમાં તથા ચૂંટણી આયોગમાં કયારેક જ આ પ્રકારની ફરિયાદો જનતા દ્વારા કરવામાં આવે છે. પેઈડ ન્યૂઝ મતદારોમાં અયોગ્ય પ્રભાવ જન્માવે છે અને તેઓના માહિતી અધિકારને પણ નુકશાન પહોંચાડે છે. પેઈડ ન્યૂઝનો ઉપયોગ કરી રાજકિય પક્ષો ચૂંટણી ખર્ચની મર્યાદાને તથા કાયદાને ઢાંકપીછોડો કરવા માટે ઉપયોગ કરાતું હાથવગુ હથીયાર છે.

પેઈડ ન્યૂઝમાં દૂષણને ડામવા માટે રાજય અને જીલ્લા કક્ષાાએ મીડિયા સર્ટીફિકેશન અને મોનીટરીંગ કમીટી (એમસીએમસી)ની રચના કરવામાં આવે છે. આ કમીટીનું કામ મીડીયામાં ન્યૂઝના આંચળ હેઠળની રાજકિય જાહેર ખબર શોધી છણાવટ કરવાનું છે.

લોક પ્રતિનિધિના અધિનિયમ-૧૯૫૧ માં પ્રતિનિધિત્વમાં સુધારો કરવો, ન્યૂઝ પ્રકાશિત કરવા અને પ્રકાશનમાં મદદગારી બાબતે ઓછામાં ઓછી બે વર્ષની શિક્ષાપાત્ર ગુન્હો બને છે જે તે રાજકિય પક્ષ કે ઉમેદવાર પેઈડ ન્યૂઝ બાબતે ૪૮ કલાકની અંદર ખુલાશો કરવામાં ના આવે તો ૯૬ કલાકની અંદર નોટિસ પાઠવી ઉમેદવારના ખર્ચમાં ઉમેરી શકાય છે. ઉમેદવારની જાણ સભાન અધિકાર વગરની જાહેરાત હશે તો આઈપીસીની કલમ-૧૭૧-એચ ના ભંગ બદલ પ્રકાશક સામે કાર્યવાહી કરવા માટે પગલા ભરવામાં આવશે. જો કોઈ ચૂંટણીનું ચોપાનીયુ, પોસ્ટર, હેન્ડબીલ અને બીજા દસતાવેજો પર પ્રકાશનનું નામ અને સરનામું ધરાવતા ન હોય જે આઈપીએ ૧૯૫૧ કલમ-૧૨૭-એ હેઠળ આવશ્યક હોય કસુરદાર વિરૂધ્ધ ચૂંટણીઆયોગ પગલા ભરી શકે છે જેમાં ઈલેક્શન કમિશ્નર ઓફ ઈન્ડીયા નો નિર્ણય આખરી ગણવામાં આવે છે.

જીલ્લા કલેટકારો દ્વારા મીડીયાના પ્રતિનિધિઓ, રાજકિય પક્ષોના આગેવાનો સાથે બેઠક યોજી જાહેરખબર અને પેઈડ ન્યૂઝ તથા તેના પરિણામો વિશે માહિતગાર કરવામાં આવે છે. પેઈડ ન્યૂઝ કોને ગણવામાં આવે છે. દા.ત. પ્રતિસ્પર્ધી પ્રકાશનોમાં વિવિધ ફોટોગ્રાફ સહિત સામ્યતા ધરાવતા લેખો અને હેડલાઈનો જોવા મળવી. ચોકકસ ન્યૂઝ પેપરમાં એક જ પાના ઉપર પ્રતિસ્પર્ધી ઉમેદવારોના વખાણ કરતા લેખો જેમાં દાવો કરવામાં આવ્યો હોય કે તે ચૂંટણીમાં વિજયી બનશે તેમજ ઉમેદવારને સમાજના દરેક વર્ગનો ટેકો છે તથા મતવિસ્તારમાં લોકલાડીલા છે તે વિજયી બનશે તેવા દાવા કરવામાં આવ્યા હોય અથવા તો ઉમેદવાર આ ચૂંટણીમાં તમામ રેકર્ડ તોડી ઈતિહાસ સર્જવા સમર્થ છે.

ન્યૂઝ આઈટમની દરેક વાતમાં ઉમેદવારના વખાણ આવતા હોય તથા અન્ય રાજકિય પક્ષો કરતા સારૂ કાર્ય કરે

અનુસંધાન પાના નં. ૭ પર

# ગાંધી તને ખબર છે કે તારું થયું છે શું? ખુરશી સુધી જવાનો તું રસ્તો બની ગયો

આપણાં બાળકો કેળવણી લે તો ચીમળાઈ જાય છે. તેઓ પુરુષાર્થહીન બને છે અને તેઓને મળેલા જ્ઞાનનો ફેલાવો જનસમાજમાં નથી થતો, તેઓના કુટુંબમાં પણ નથી થતો.

સારા ભાષાંતરમાં નીચેના ગુણ હોવા જોઈએ :

● એ જાણે સ્વભાષામાં જ વિચારાયું અને લખાયું હોય, એવું સહજ અને સરળ હોવું જોઈએ. જે ભાષામાંથી ઉતારાયું હોય, તે ભાષાના રૂઢિપ્રયોગો અને શબ્દોના વિશેષ અર્થો ન જાણનાર એને સમજી ન શકે, એવું તે ન હોવું જોઈએ.

● ભાષાંતરકારે જાણે મૂળ પુસ્તકને પી જઈને તથા પચાવીને એને ફરીથી સ્વભાષામાં ઉપજાવ્યું હોય, એવી એ કૃતિ લાગવી જોઈએ.

● આથી સ્વતંત્ર પુસ્તક કરતાં ભાષાંતર કરવાનું કામ હંમેશાં સહેલું નથી હોતું. મૂળ લેખક સાથે જે પૂરેપૂરો સમભાવી અને એકરસ થઈ શકે નહીં અને તેના મનોગતને પકડી લે નહીં, તેણે તેનું ભાષાંતર કરવું ન જોઈએ.

● ભાષાંતર કરવામાં જુદી જુદી જાતોનો વિવેક કરવો જોઈએ. કેટલાંક પુસ્તકોનું અક્ષરશઃ ભાષાંતર કરવું આવશ્યક ગણાય. કેટલાંકનો માત્ર સાર આપી દેવો બસ ગણાય. કેટલાંક પુસ્તકનાં ભાષાંતર સ્વસમાજને સમજાય એ રીતે વેશાંતર કરીને જ આપવાં જોઈએ. કેટલાંક પુસ્તકો તે ભાષામાં ઉત્કૃષ્ટ ગણાતાં હોય છતાં, પોતાનો સમાજ અતિશય જુદા પ્રકારનો હોવાથી, તેના ભાષાંતરની સ્વભાષામાં જરૂર જ ન હોય; અને કેટલાંક પુસ્તકોના અક્ષરશઃ ભાષાંતર ઉપરાંત સારરૂપ ભાષાંતરની પણ જરૂર ગણાય.

- **મો. ક. ગાંધી**



એક વાર ગાંધીજીએ પોતાના રાજકીય ગુરુ ગોખલેજીના લેખોનો ગુજરાતી અનવાદ છપાવીને પ્રગટ કરવાનો મનસૂબો કર્યો. અનુવાદનું કામ નરહરિભાઈ અને મહાદેવભાઈને સોંપાયું હતું. પણ ગુજરાતના એક જાણીતા સાક્ષરે ગોખલેના કેળવણી-વિષયક લેખો તથા ભાષણોનો અનુવાદ કરવાની ઈચ્છા બતાવી, એટલે એ ભાગના લેખો તે સાક્ષરને સોંપવા ગાંધીજીએ નરહરિભાઈને સમજાવ્યું. નરહરિભાઈએ તેમ કર્યું.

નરહરિભાઈ તથા મહાદેવભાઈનું ભાષાંતર તૈયાર થઈ ગયું. પેલા સાક્ષરનું ભાષાંતર પણ આવ્યું. નરહરિભાઈને એ અનુવાદ ગમ્યો નહીં, પણ પ્રસિદ્ધ ગુજરાતી લેખકને નાખુશ કરવાની તેમની હિંમત ચાલી નહીં. આખું પુસ્તક છપાઈ ગયું. નરહરિભાઈએ તેના છપાયેલ ફરમા વાંચીને ગાંધીજીને તેની પ્રસ્તાવના લખી આપવા વિનંતી કરી.



**WhatsApp ઓફ ધી વીક**

નેહલ ગઢવી

પેલા સાક્ષરે કરેલો અનુવાદ ગાંધીજીએ વાંચ્યો. તે બિલકુલ ચાલે તેવો નહોતો. તેમણે નરહરિભાઈને ઠપકો આપતાં કહ્યું, "આવી તરજુમિયા ભાષા કોણ સમજશે? આ મુદ્દલ નહીં ચાલે !" મહાદેવભાઈ તથા કાકાસાહેબનો પણ એ જ મત પડ્યો.

ગાંધીજીએ નરહરિભાઈને પૂછ્યું,

"આખું પુસ્તક છપાઈ ગયું છે ?"

"હા જી."

"તો પણ આપણે તો પુસ્તક રદ જ કરવું પડશે."

"પણ આટલા કામનું લગભગ સાતસો રૂપિયા તો બિલ થયું હશે. એટલું બધું ખર્ચ નકામું જવા દેવાય ?"

"ત્યારે શું આની ઉપર પુસ્તક બાંધવા વગેરેનું ખર્ચ કરી વધારે પૈસા બગાડાય છે ? સાતસો શું - પણ સાત હજાર રૂપિયા નકામા જતા હોય તો યે હું જવા દઉં. હું તો પાઈ પાઈની ગણતરી કરું, અને પ્રસંગ આવ્યે આવા ખર્ચની પરવા પણ ન કરું. આપણે પૈસા ખર્ચા છે, તે માટે શું આવું પુસ્તક પ્રજા આગળ મૂકીએ ? એ તો બેવડો વ્યય થાય !"

પોતાની નાહિંમતથી અને ગફલતથી સાતસો રૂપિયાનું નુકસાન થયું. તે નરહરિભાઈને ડંખ્યું. તેમણે સાતસો રૂપિયા ભરપાઈ કરીને આ કામમાંથી રાજીનામું આપ્યું. બાપુએ રાજીનામું વાંચી કહ્યું : "આવા ગાંડા ન થાઓ ! તમારે હાથે સાતસોનું તો શું પણ સાત હજારનું નુકસાન થાય તેથી શું હું તમને છોડી દઉં ? એમ કરું તો મારું કામ કેમ ચાલે ?" પુસ્તકની છપાયેલી બધી નકલો ગાંધીજીએ બળાવી નાખી. પછી મહાદેવભાઈ તથા નરહરિભાઈએ જે તરજુમો કર્યો તે છપાવવા આપ્યો.

**Last Seen :**

કેવો તું કિંમતી હતો સસ્તો બની ગયો
બનવું હતું નહીં ને શિરસ્તો બની ગયો
ગાંધી તને ખબર છે કે તારું થયું છે શું?
ખુરશી સુધી જવાનો તું રસ્તો બની ગયો.
- શેખાદમ આબુવાલા

- nehalgadhavi101@gmail.com

# સાચી શાંતિ બહાર નહીં અંદર જ હોય છે : શાંતિ, સુખ-શાંતિ, વિશ્વ-શાંતિ, ઓમ શાંતિ...

માણસ માત્ર શાંતિને પાત્ર.

માણસ આખી જિંદગી, આંખો બંધ કરીને વિકાસ અને પ્રગતિની પાછળ, સુખ અને સગવડોની પાછળ સતત દોડતો જ રહે છે, પણ ખરેખર તો તેની અસલી ખોજ શાંતિની હોય છે.

બધુ હોય પણ શાંતિ ના હોય તો મેળવેલું બધુ ફોક સમજવું. પીણાં અનેક હોય પણ માણસની તરસ તો છેવટે પાણીથી જ છીપે, એમ માણસ જિંદગીનો સાચો અનુભવ, ફીલ, શાંતિમાં જ કરી શકે.

જ્યારે માણસનું મન એકદમ શાંત હોય ત્યારે જ તે જીવી રહ્યો છે તેમ કહી શકાય. કોઈ પણ સિદ્ધિ, પુરસ્કાર કે પૈસા કરતાં સંબંધો, કરુણા અને માનસિક શાંતિ ચડિયાતાં હોય છે.

આ સૃષ્ટિ પરનો પ્રત્યેક માણસ છેવટે તો શાંતિ ઝંખે છે. સુખ પણ શાંતિ વિના અધૂરું છે. સુખ હોય તો પણ માણસને કશુંક ખૂટતું હોય તેવું લાગે. એ જે ખૂટે છે એ શાંતિ છે. શાંતિ હોય અને સુખ ના હોય તો પણ માણસ ભર્યોભર્યો લાગે છે. આ વિશ્વમાં કરોડો સુખી લોકો શાંતિના અભાવે ત્રસ્ત છે અને લાખો લોકો શાંતિને કારણે, સુખ ના હોવા છતાં પ્રસન્ન છે. ગુજરાતી ભાષાનો એક યુગ્મ શબ્દ સમજવા જેવો છે. એ શબ્દમાં જીવનની ફિલસૂફી પડેલી છે. એ શબ્દ છેઃ સુખ-શાંતિ. ગામડા-ગામમાં આજે પણ એકબીજાને મળતી વખતે સુખ-શાંતિ છે ને ? એમ પૂછાય છે. પૂછનારો જાણે કે એકલું સુખ તો છેતરામણું છે, અધૂરું છે. જો સુખમાં શાંતિ ભળેલી હોય તો જ માણસને સાચો આનંદ પ્રાપ્ત થાય છે. ઘણી વાર તો માત્ર શાંતિ છે ને ? એવું પૂછાય છે. શાંતિ હોય એટલે બસ. એમાં બધુ આવી ગયું. માણસ પાસે પૈસા કમાવાના સાચા-ખોટા, લાંબા-ટૂંકા અનેક રસ્તા હોય છે, પણ તેની પાસે શાંતિનો કોઈ માર્ગ હોતો નથી. પૈસા અને સંપત્તિના ઢગલા કર્યા પછી માણસ શાંતિનો માર્ગ શોધવા નીકળે છે, પણ ત્યાં સુધી માર્ગ ખોવાઈ ગયો હોય છે. એ વખતે ગાંધીજી યાદ આવે. એ ડાહ્યા ડોસાએ સરસ વાત કરી હતીઃ શાંતિનો કોઈ માર્ગ નથી હોતો, શાંતિ પોતે જ એક માર્ગ છે.

એક ભજનમાં આવે છેઃ શાંતિ પમાડે તેને સંત કહીએ. (આ ભજનના રચિયતા નરસિંહ મહેતા ગણાય છે, પણ ખરેખર તેના કવિ બાપુસાહેબ ગાયકવાડ છે. ભૂલચૂક લેવી-દેવી) શાંતિ પામવાની સ્થિતિ છે. જેના સાનિધ્યમાં શાંતિનો અનુભવ થાય તે સંત. એ સંતે ભગવાં કપડાં પહેરેલાં હોય તે બિલકુલ જરૂરી નથી.

ભગવાન બુદ્ધ કહે છે કે શાંતિ અંદરથી આવે છે માટે તેને બહાર ના શોધશો. કોઈકે વળી એમ કહ્યું છે કે આરોગ્ય દવાથી નથી સચવાતું. મનની શાંતિ, હૃદયની શાંતિ અને આત્માની શાંતિ તથા હાસ્ય અને પ્રેમથી જ આરોગ્ય સચવાય છે.

તનથી સ્વસ્થ રહેવા માટે માનસિક શાંતિ અનિવાર્ય છે.

શાંતિ એટલે શું ? શાંતિ એટલે યુદ્ધ કે સંઘર્ષની ગેરહાજરી. એ તો ઠીક છે, બાકી શાંતિ એટલે મધુરતા, પ્રેમ, કરુણા અને ભાઈચારાથી ભરેલું હૃદય. બહારની શાંતિ અને અંદરની શાંતિ જુદી જુદી અવસ્થા છે. જેને અંદરની શાંતિ પ્રાપ્ત થાય છે તે બહારના ગમે તેવા કોલાહલમાં સ્થિર રહી શકે છે. દલાઈ લામા કહે છે કે જ્યાં સુધી પોતાની જાતને શાંત નહીં કરો ત્યાં સુધી બાહ્ય વિશ્વમાં ક્યારેય શાંતિ મેળવી નહીં શકો.

પોતાની જાતને શાંતિથી ભરી દેવી એ જ જીવન કર્મ હોવું જોઈએ. શાંતિ સહજ રીતે પ્રાપ્ત થવી જોઈએ. શાંતિ બળથી નથી રાખી કે રખાવી શકાતી, એ સમજણથી કેળવી શકાય છે.

વ્યક્તિના મનમાંથી જ્યારે વેર વિદાય લે છે ત્યારે શાંતિ પ્રવેશ કરે છે. વેર-ઝેર અને શાંતિ સાથે રહી શકતાં જ નથી. બન્નેને આડવેર છે. વિશ્વના પ્રત્યેક જીવ માટે પ્રેમ અને કરુણાનો ભાવ રાખવો એ શાંતિ સુધી જવાનો ધોરી માર્ગ છે. કોઈકે વળી એમ કહ્યું છે કે જ્યાં અપેક્ષાઓ પૂરી થાય છે ત્યાં શાંતિનો પ્રારંભ થાય છે. આમ જોવા જઈએ તો સાદું જીવન રાખવું, કોઈની પાસેથી કોઈ પણ પ્રકારની અપેક્ષા ના રાખવી, કોઈ પણ માટે મનમાં વેર-ઝેર ના રાખવું, દરેકનું ભલું કે કલ્યાણ ઈચ્છવું એ બધા રસ્તા માણસને શાંતિના રળિયામણા પ્રદેશ સુધી, આંગળી પકડીને લઈ જાય છે.

સુખ કે વિકાસ એ આધુનિક ખ્યાલ છે. શાંતિ એ સનાતન ખ્યાલ છે. માણસ માત્ર શાંતિનો તરસ્યો છે. એની જીવન-ઝંખના શાંતિની જ હોય છે. જયારથી એ સુખનું સરનામું શોધવા લાગ્યો ત્યારથી શાંતિનું ઠેકાણું ભૂલી ગયો.



**નવી સવાર**

રમેશ તન્ના

એક વાર ગાંધીજી એક મઠમાં ગયા. સેંકડો લામાઓ ચૂપચાપ બેઠા હતા. ગાંધીજીએ પૂછ્યું કે આ બધા શું કરી રહ્યા છે ? જવાબ મળ્યોઃ બધા પોતાના આત્માનો મધુર ધ્વનિ સાંભળી રહ્યા છે. પોતાની જાતનો, આત્માનો, અંદરનો ધ્વનિ સાંભળવા માટે શાંતિ પ્રાપ્ત કરવી પડે છે. એક જમીનદારની ઘડિયા??ળ ખોવાઈ ગઈ. તેણે ઘરનાં તમામ સભ્યોને ઘડિયાળ શોધવાના કામે લગાડ્યાં. બધાએ ઘડિયાળ ખૂબ શોધી પણ ના મળી. એક છોકરાએ બધાંને એક ખંડમાંથી બધાંને બહાર જવા કહ્યું. પાંચ મિનિટ પછી તે ઘડિયાળ સાથે ખંડમાંથી બહાર આવ્યો. જમીનદારે પૂછ્યું કે આ ખંડમાં બધાંએ બે-બે કલાક ઘડિયાળ શોધી હતી, પણ નહોતી મળી, તે કેવી રીતે શોધી કાઢી.. તેણે કહ્યું તે બંધ ખંડમાં હું એકદમ શાંતિથી બેસી ગયો. ધીમે ધીમે બધા અવાજ શમતા ગયા અને મને ઘડિયાળનો ટીક ટીક અવાજ સંભળાયો. અલમારીની ઉપર એક ફોટાની ફ્રેમ પાછળથી અવાજ આવતો હતો... શાંતિ શોધવી હોય તો અપેક્ષા, સુખ-સગવડ, વેર-ઝેર, સ્વાર્થ વગેરેનો કોલાહલ બંધ કરવો પડે.. શાંતિ જેટલો બહારનો વિષય છે તેના કરતાં અનેકગણો અંદરનો વિષય છે.

છેલ્લે વાત કરીએ ઓમ શાંતિ શાંતિ શાંતિની. મંત્રમાં ઓમ પછી કેમ ત્રણ વખત શાંતિ બોલાય છે ? એવું કહેવાય છે કે ત્રિવરમ સત્યમં... એટલે કે કોઈ પણ બાબત ત્રણ વખત દૃઢતા સાથે બોલાય ત્યારે તે સત્ય બની જાય છે. આધિ દૈવિક, આધિ ભૌતિક અને આધ્યાત્મિક ત્રણ પ્રકારના ભાવ-અભાવના સ્રોતમાંથી સમસ્યાઓ ઊભી થતી હોય છે. ત્રણ વખત શાંતિ શાંતિ શાંતિ બોલીને આ ત્રણેયને રોકી શકાય છે.

આમ શાંતિ તો હિંદુસ્તાનના લોહીના કણ-કણમાં છે.

એક જમાનામાં ભારતની ઓળખ શાંતિદૂત અને વિશ્વગુરુની હતી. ભારતનો સ્થાયી સ્વભાવ શાંતિનો જ છે. જોકે ભારત ભૌતિકતાના અમાપસરના (વધારે પડતા) રંગે રંગાયું અને શાંતિ તેનાથી અંતર કરતી ગઈ એ પણ હકીકત છે.

૧૯૮૨થી વિશ્વ શાંતિ દિવસ ઉજવાય છે. દર વર્ષે તેની થીમ જુદી જુદી હોય છે. આ વર્ષની, ૨૦૨૧ની તેની થીમ છે Recovering better for an equitable and sustainable world. સાથે મળીને શાંતિને આકાર આપીએ.

**છાંયડોઃ**

માણસ એકલો રહી શકતો નથી, અને સમૂહમાં સખણો રહી શકતો નથી. સમૂહમાં રહીને શાંત રહેવાનું ખૂબ જ વિકટ હોય છે. જોકે એ જ ખરી કસોટી છે. જે એ કસોટીમાંથી પાર ઉતરે છે તેને સાચી શાંતિનો જીવતેજીવ અનુભવ થાય છે.